તા. 19-09-2024

સમય : સવારે 7.10

# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 19-09-2024 સવારે : 7.10 થી 7.20

વાર : ગુરુવાર

આકાશવાણી અમદાવાદ, વડોદરા.... પ્રાદેશિક સમાચાર કરણ મકવાણા વાંચે છે.

---

1) સુરત સહિત દક્ષિણ ગુજરાતના છ જિલ્લાઓને આર્થિક વિકાસ કેન્દ્ર તરીકે વિકસાવવા માટેની યોજનાનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આજે લોકાર્પણ કરશે.
2) પુન:પ્રાપ્ય ઊર્જાએ માત્ર વિકલ્પ નથી, પણ આજના સમયની માંગ હોવાનું જણાવતા ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ.
3) શક્તિપીઠ અંબાજી ખાતે ભાદરવી પૂનમના મહામેળાનું સમાપન - 32 લાખથી વધુ ભક્તોએ કર્યા માતાજીના દર્શન.
4) નર્મદા જિલ્લામાં "એક પેડ મા કે નામ" કાર્યક્રમ અંતર્ગત મિયાવાકી પધ્ધતિ દ્વારા 102 પ્રકારના નવ હજાર વૃક્ષોનું વાવેતર કરાયું.
5) રાજકોટ ખાતે રાજ્ય કક્ષાની જવાહરલાલ નહેરુ સબ જુનિયર હોકી સ્પર્ધાની આજે ફાઈનલ મેચ રમાશે.

---------------------------------------------------------------

## SOUTH GUJARAT HUB

કેન્દ્ર સરકાર સુરત અને તેની આસપાસના જિલ્લાઓ નવસારી, ભરૂચ, ડાંગ, તાપી તેમજ વલસાડને ગ્રોથ હબ તરીકે વિકસાવી રહી છે.

તા. 19-09-2024

સમય : સવારે 7.10

સુરત સહિત દક્ષિણ ગુજરાતના આ છ જિલ્લાઓમાં બનેલા 'સુરત આર્થિક ક્ષેત્રની આર્થિક વિકાસ યોજનાનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે લૉન્ચીંગ કરવામાં આવશે.

સુરતના ડુમસ રોડ લી મેરેડિયન હોટેલ ખાતે આયોજીત આ કાર્યક્રમ બાદ છ સત્રોમાં આર્થિક ક્ષેત્રો, શહેરો, ઉચ્ચ શિક્ષણ, પ્રવાસન, ટકાઉપણુ અને જળવાયુ પરિવર્તન, તેમજ વિકસીત ભારત માટેની દૂર દૃષ્ટિ સહિતના વિષયો પર સેમિનાર યોજાશે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટિલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી સહિતના મંત્રીઓ તેમજ ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહેશે. ઉપરાંત વિવિધક્ષેત્રોના નિષ્ણાતો ઉપરાંત ઉદ્યોગપતિઓ, શિક્ષણવિદો, હીરા – ટેક્સટાઇલ, ડાઇંગ એન્ડ પ્રિન્ટિંગ, જેમ્સ એન્ડ જ્વેલરી, હેલ્થ, હોટેલ, સહકારી ક્ષેત્ર, સુગર મિલો, ફૂડ પ્રોસેસિંગ, જીઆઈડીસી પ્રમુખ, સૌર ઊર્જા ક્ષેત્ર સહિતના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે.

.........................................................................................

# Vice President

ભારત સરકારના નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય દ્વારા "RE INVEST-2024" પરિષદનો સમાપન સમારોહ ગઈકાલે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડની અધ્યક્ષતામાં યોજાયો હતો.

ઉપરાષ્ટ્રપતિએ આ ક્ષેત્રના મહત્વ અંગે વાત કરતા જણાવ્યું કે, પર્યાવરણનું જતન કરીને સમગ્ર વિશ્વને બચાવવા માટે ભારતે વૈશ્વિક મહાયજ્ઞનું આહ્વાન કર્યું છે, જેમાં પુનઃપ્રાપ્ય ઊર્જાને અપનાવીને દરેક નાગરિક આહૂતિ આપે, તેવો તેમણે અનુરોધ કર્યો હતો.

તા. 19-09-2024

સમય : સવારે 7.10

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું હતું કે, વર્તમાનમાં આબોહવા પરિવર્તન એક મોટો વૈશ્વિક પડકાર છે ત્યારે પુનઃ પ્રાપ્ય ઊર્જાના ક્ષેત્રમાં મહાત્મા મંદિરમાં ત્રણ દિવસ દરમિયાન થયેલું વૈશ્વિક ચિંતન યોગ્ય સમયે, યોગ્ય દિશાનું ચિંતન છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે  સરકાર 'વન સન, વન અર્થ, વન ગ્રીડ' ના વિઝનને વેગ આપશે, તેવો વિશ્વાસ આ સમિટના સમાપન પ્રસંગે વ્યક્ત કર્યો હતો.

..........................................................................................

# Sudesh dhankhad school visit

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડના ધર્મપત્ની ડો. સુદેશ ધનખડે ગઈકાલે ગાંધીનગર જિલ્લાના  બોરીજ ગામ ખાતે  સરકારી પ્રાથમિક શાળાની મુલાકાત લીધી હતી. શ્રીમતી ધનખડે શાળાનું નિરીક્ષણ કરી વિદ્યાર્થીઓ તથા શિક્ષકો સાથે વાર્તાલાપ  કર્યો હતો. તેમણે શાળા પરિસરમાં 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કર્યું હતું.

..........................................................................................

# AMBAJI MELO

યાત્રાધામ અંબાજીમાં ભાદરવી પૂનમનો મહામેળો નિર્વિઘ્ને સંપન્ન થયો છે. બનાસકાંઠાના અમારા પ્રતિનિધિ સવજી ચૌધરી જણાવે છે કે, આ વખતે મેળા દરમિયાન 32 લાખ 54 હજાર ભક્તોએ માતાજીના દર્શનનો લ્હાવો લીધો હતો. ગઈકાલે મેળાના અંતિમ દિવસે અંબાજીના માર્ગ પર 245 જેટલા વિવિધ સેવા કેમ્પ કરનારા સંચાલકો તેમ જ પત્રકારમિત્રોને સન્માનિત કરાયા હતા.

તા. 19-09-2024

સમય : સવારે 7.10

મેળામાં આ વખતે શિખરે 3 હજાર 134 ધ્વજારોહણ થઈ હતી. જ્યારે 5 લાખ લોકોએ એસ.ટી. બસમાં મુસાફરી કરી હોવાના અહેવાલ છે.

..............................................................................

## HARSH SANGHVI DHAJA

શક્તિપીઠ અંબાજી ખાતે યોજાયેલા ભાદરવી પુનમના મેળાનું ગઈકાલે સમાપન થયું છે. ભાદરવી પૂનમ મહામેળાના અંતિમ દિવસે બનાસકાંઠા જિલ્લા પોલીસ દ્વારા માતાજીને ધજા ચડાવાની પરંપરા રહી છે. ત્યારે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ બનાસકાંઠા પોલીસ ટીમ સાથે મા અંબાને ધજા અર્પણ કરી હતી. અંબાજી મંદિર પાસેના ખોડીવલી સર્કલ ખાતે મુખ્ય પોલીસ કંટ્રોલ રૂમ દ્વારા સમગ્ર મેળાનું સંચાલન કરવામાં આવ્યું હતું. મેળામાં સલામતી માટે 24 કલાક કાર્યરત પોલીસની ફરજનિષ્ઠાની પણ શ્રી સંઘવીએ પ્રશંસા કરી હતી.

પદયાત્રીઓની સેવા કરનારા અને પદયાત્રાના માર્ગો ઉપર સફાઈ કરનારા સેવાભાવી લોકોની સેવાને પણ ગૃહરાજ્ય મંત્રીએ બિરદાવી હતી.

બનાસકાંઠાના અમારા પ્રતિનિધિ સવજી પટેલ જણાવે છે કે, જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલે પણ શ્રદ્ધાપૂર્વક ધ્વજારોહણ કરીને માતાના આશીર્વાદ મેળવ્યા હતા.

..............................................................................

## RAJPIPALA EK PED MA K NAAM

નર્મદા જિલ્લામાં પણ “સ્વચ્છતા હી સેવા અભિયાન”, સેવા સેતુ અને એક પેડ મા કે નામ કાર્યક્રમ યોજાયો હતો.

જે અંતર્ગત સામાજિક વનીકરણ વિભાગ નર્મદા દ્વારા એકલવ્ય મોડેલ સ્કૂલ ગોરા ખાતે 0.8 હેક્ટરમાં મિયાવાકી પધ્ધતિ દ્વારા 102 પ્રકારના નવ હજાર વૃક્ષોનું વાવેતર કરાયું હતું. આ પ્રસંગે સાથે નાંદોદના ધારાસભ્ય ડૉ. દર્શનાબહેન દેશમુખ, નાયબ વન સંરક્ષક નિરજકુમાર તથા મિતેષભાઈ પટેલ અને સ્થાનિક કાર્યકરો સહિત મોટી સંખ્યામાં સ્થાનિક લોકો જોડાયા હતા.

.................................................................................................

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. જે આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર abad ને ફોલો કરી શકશો.

.................................................................................................

# RAJKOT HOCKEY TOURNAMENT

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા રાજકોટ ખાતે રાજ્ય કક્ષાની જવાહરલાલ નહેરુ સબ જુનિયર હોકી સ્પર્ધાનો ગઈકાલે પ્રારંભ થયો છે.

3 દિવસ ચાલનારી આ આંતર રાજ્ય સ્પર્ધામાં રાજયભરના 25 જિલ્લાઓની શાળાઓની ટીમો ભાગ લઈ રહી છે. જેમાં 400થી વધુ કિશોર ભાગ લઈ રહ્યા હોવાનું સ્પર્ધાના કન્વીનર અને રાજકોટ હોકી કોચ મહેશ દિવેચાએ જણાવ્યું.

ગઈકાલે ક્વાર્ટર ફાઇનલ મેચ રમાઈ હતી. જ્યારે આજે ફાઇનલ મેચ રમાશે. આ મેચમાં વિજેતા ટીમ રાષ્ટ્રીય સ્તરે દિલ્હીમાં યોજનારી મેચમાં ભાગ લઈ શકશે.

.................................................................................

## National rural IT quiz

રાષ્ટ્રીય ગ્રામીણ ઇન્ફોર્મેશન ટેકનોલોજી પ્રશ્નોતરી સ્પર્ધામાં આણંદના ધોરણ-10ના વિદ્યાર્થી સ્મરણ સુથાર રાજ્યકક્ષાએ વિજેતા બન્યા છે. હવે તેઓ આગામી નવેમ્બર મહિનામાં બેંગ્લોર ખાતે યોજાનારી રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે. વિજેતા વિદ્યાર્થીને શિષ્યવૃત્તિ તરીકે 10 હજાર રૂપિયાનો રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર એનાયત કરાયાં હતા.

સ્પર્ધામાં ભાવનગરના મીત ગડાએ બીજો ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. આ સ્પર્ધાનું આયોજન ગુજકોસ્ટ દ્વારા ગાંધીનગરના કડી સર્વ વિશ્વવિદ્યાલય ખાતે કરાયું હતું. આ પ્રશ્નોત્તરી સ્પર્ધામાં ટેક્નોલોજી પર્યાવરણ, વ્યવસાય, નવા વલણો અને ઇન્ટરનેટ સહિતના ક્ષેત્રોને આવરી લેવામાં આવ્યા હતા.

.................................................................................

## Patan book lunching -Rushkesh patel

પાટણ જિલ્લાના ચાણસ્મા ખાતે નાણાં મંત્રી કનુ દેસાઇએ નવા રામજી મંદિરના શતાબ્દી મહોત્સવના સ્મૃતિ ગ્રંથનું વિમોચન કર્યું હતું.અમારા પાટણના પ્રતિનિધિ જણાવે છે કે, આ કાર્યક્રમમાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

તા. 19-09-2024

સમય : સવારે 7.10

આ પ્રસંગે સંબોધન કરતાં નાણાંમંત્રીએ જણાવ્યું કે, ચાણસ્મા, પાટણ અને મોઢેરા આ ત્રણેય ગુજરાતના ઇતિહાસના બિંદુ સમાન છે.

આબોહવા પરિવર્તન અંગે વાત કરતા તેમણે કહ્યું કે, હાલમાં સરકાર દ્વારા પુનપ્રાપ્ય ઉર્જાનો વધુમાં વધુ ઉપયોગ થાય તે માટેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

.................................................................................

## Swachchta hi seva-districts

રાજ્યભરમાં "સ્વચ્છતા હી સેવા " અભિયાન હેઠળ વિવિધ પ્રવૃતિઓ યોજાઈ રહી છે. અમારા સુરેન્દ્રનગર જિલ્લાના પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે કે, ટપાલ વિભાગ દ્વારા મુખ્ય પોસ્ટ ઓફિસ ખાતે સ્વચ્છતા શપથ અને "એક પેડ માં કે નામ" અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાઈ ગયો.ઉપરાંત સ્વચ્છતા પ્રત્યે લોકજાગૃતિના ઉદેશ્યથી ગઈકાલે પ્રભાતફેરીનું આયોજન કરાયું હતું. તેવી જ રીતે રાજકોટના વિંછીયા તાલુકાના મોઢુકા ગામે મુખ્ય બજાર અને જાહેર સ્થળોએથી કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

.................................................................................

## GIR SOMNATH LOK ADALAT

ગિર સોમનાથ જિલ્લામાં યોજાયેલી રાષ્ટ્રીય લોક અદાલતમાં કુલ 5 હજાર 613 કેસોનો નિકાલ કરવામાં આવ્યો. આ લોકઅદાલતમાં કુલ 10 કરોડ 54 લાખ 29 હજાર 219 રૂપિયાની જેટલી રકમના વિવાદોનું નિરાકરણ કરાયું.

ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદનાં મુખ્ય સંરક્ષક અને મુખ્ય ન્યાયાધીશ સુનિતા અગ્રવાલ અને ગુજરાત હાઈકોર્ટના વરિષ્ઠ ન્યાયાધીશ અને ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના

તા. 19-09-2024

સમય : સવારે 7.10

એકઝીકયુટીવ ચેરમેન બિરેન એ. વૈષ્ણવના માર્ગદર્શન હેઠળ નિર્ધારીત કેસો માટે અલગ-અલગ બેન્ચ બનાવીને સમાધાનના સઘન પ્રયત્નો કરવામાં આવ્યા.

..........................................................................................

# GANESH VISARJAN

સુરતના વિવિધ વિસ્તારોમાં વિસર્જિત કરાયેલી 2 હજાર 500થી વધુ POPની મૂર્તિઓને પુન: વિસર્જિત કરાઈ.

શહેરની સાંસ્કૃતિક રક્ષા સમિતિ સંચાલિત માધવ ગૌશાળા એનિમલ હોસ્ટેલના 200થી વધુ ગૌસેવકોએ ડીંડોલી, ખરવાસા, ચલથાણ, પરવટ પાટિયા જેવા જુદા જુદા વિસ્તારોમાં અર્ધવિસર્જિત રઝળતી આ પ્રતિમાઓને દરિયામાં પુનહ વિસર્જીત કરી હતી.

..........................................................................................